
# આજથી સંસદનું અંદાજપત્ર સત્ર

## ૨૬મીએ રેલવે બજેટ અને આર્થિક સર્વે રજૂ કરાશે : સત્ર તોફાની બનશે : ૭૨ બિલ રજૂ કરાશે

નવી દિલ્હી,તા. ૨૦

સંસદનું બજેટ સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે. આ બજેટ સત્ર ખૂબ જ તોફાની બનવાના સ્પષ્ટ સંકેત દેખાઈ રહ્યા છે. બજેટ સત્ર દરમિયાન જ ૨૬મી જાન્યુઆરીએ રેલવે બજેટ રજૂ કરવામાં આવશે જ્યારે ૨૮મી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરવામાં આવશે. રેલવે બજેટની સાથે સાથે એ જ દિવસે આર્થિક સર્વે પણ રજૂ કરવામાં આવશે. બજેટ સત્રને લઈને યુપીએ સરકારે પણ પોતાની વ્યૂહરચના વિરોધ પક્ષોનો સામનો કરવા માટે તૈયાર કરી લીધી છે. આવતીકાલથી શરૂ થતા બજેટ સત્રની કામગીરી ૧૦મી મે સુધી ચાલશે. વચ્ચેના ગાળામાં ૨૩મી માર્ચથી એક મહિના સુધી રજા રહેશે. ૨૩મી માર્ચથી લઈને ૨૨મી માર્ચ સુધીના ગાળામાં એક મહિનાનો વિરામ રહ્યા બાદ બજેટ સત્ર ફરી શરૂ થશે. સાત સપ્તાહના બજેટ સત્રને લઈને શાસક પક્ષ અને વિરોધ પક્ષ બંને પોતપોતાની તૈયારી કરી લીધી છે. બજેટ સત્રની મુખ્ય વિશેષતા રેલવે, સામાન્ય બજેટ અને આર્થિક સર્વે રહેશે. સત્તાવાર સૂત્રોએ કહ્યું છે કે રેલવે બજેટ પવનકુમાર બંસલ ૨૬મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરશે જ્યારે નાણાંમંત્રી પી. ચિદમ્બરમ્ સામાન્ય બજેટ રજૂ કરશે. બંને બજેટને લઈને તમામ લોકોની નજર આના ઉપર કેન્દ્રીત થઈ ગઈ છે. સંસદીય બાબતોની કેબિનેટ સમીટિની બેઠકમાં બજેટ સત્રની અવધિ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બજેટ સત્રને લઈને તમામ પક્ષો લડાયક બનેલા છે ત્યારે વિરોધ પક્ષ પણ સંપૂર્ણપણે સજ્જ છે. બજેટમાં કયા પગલાં




લેવાશે તેને લઈને ચર્ચાનો દોર ચાલી રહ્યો છે. બજેટ સત્ર દરમિયાન કોઈપણ પ્રકારની ગુંચવણ ઊભી ન થાય તે માટે યુપીએ સરકારે ઘણી મિટીંગો વિરોધપક્ષ સાથે કરી લીધી છે. બજેટ સત્ર દરમિયાન કુલ ૭૨ બિલ રજૂ કરવાની ગણતરી કરવામાં આવી છે. ભાજપના અધ્યક્ષ રાજનાથસિંહના નેતૃત્વમાં પણ એક મિટીંગ યોજાઈ ચૂકી છે. બજેટ સત્ર દરમિયાન જે મુદ્દાઓ પ્રમુખ રીતે ચમકનાર છે તેમાં ભ્રષ્ટાચાર, મોંઘવારી, આતંકવાદ, ભગવા આતંકવાદને લઈને સુશીલકુમાર શિંદેના નિવેદન, હેલિકોપ્ટર કૌભાંડ, અંકુશ રેખા પર પાકિસ્તાન પર કરવામાં આવેલા ગોળીબાર, દેશની આર્થિક સ્થિતિ સહિતના તમામ મુદ્દાઓ ચર્ચાશે. સરકાર આર્થિક સુધારાઓને લઈને પોતાની રજૂઆત કરશે. ડિસઈન્વેસ્ટમેન્ટ, વેપાર સાથે સંબંધિત અન્ય મુદ્દાઓ પણ આમા રજૂ કરવામાં આવનાર છે. સંસદના બજેટ સત્રની શરૂઆત રાજ્ય સભા અને લોકસભાની સંયુક્ત બેઠકમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના સંબોધન સાથે શરૂઆત થશે. બજેટ સત્ર દરમિયાન રિશેષ થતાં પહેલા સત્રના પ્રથમ ભાગ દરમિયાન ૨૧ બેઠકો યોજાશે. બજેટ સત્ર દરમિયાન કુલ ૩૪ બેઠકો યોજાશે. સત્રના બીજા ભાગમાં બીજી ૧૩ બેઠકો યોજાશે. ૧૦મી મેના દિવસે સત્રની પૂર્ણાહૂતિ થશે. બંને ગૃહોમાં ૨૨મી માર્ચથી રજા રહેશે. રેલવે બજેટ, સામાન્ય બજેટ સાથે સંબંધિત નાણાંકીય બાબતો, રાષ્ટ્રપતિના અભિવાદન, સંબોધનને પૂરતો સમય આપવામાં આવશે. રાષ્ટ્રપતિ બંને ગૃહોને આવતીકાલે ૧૧ વાગે સંબોધન કરશે.

## ટ્રેડ યુનિયનોની હડતાળથી માઠી અસર : એકની હત્યા

### મોટી સંખ્યામાં કર્મચારી હડતાળ ઉપર ઉતર્યા : ૧૧ ટ્રેડ યુનિયન ઉપરાંત ૨૦૦૦ સ્વતંત્ર યુનિયનો પણ હડતાળમાં

નવી દિલ્હી,તા. ૨૦

ટ્રેડ યુનિયનોની જુદી જુદી માંગણીઓને લઈને આજે સવારે રાષ્ટ્રવ્યાપી હડતાળની શરૂઆત થઈ હતી જેના કારણે જનજીવનને માઠી અસર થઈ હતી. બેંક અને વિમા તેમજ પરિવહન સેવાને અસર થઈ હતી. હડતાળથી અર્થતંત્રને ૨૦૦૦૦ કરોડનો ફટકો પડવાની શક્યતા દેખાઈ રહી છે. બે દિવસની આ હડતાળની સીધી અસર તમામ ક્ષેત્રો ઉપર પડી છે. દરમિયાનમાં હડતાળની આજે ખૂબ જ આઘાતજનક રીતે શરૂઆત તઈ હતી. બુધવારે વહેલી સવારે અંબાલામાં ટ્રેડ યુનિયનના એક નેતાની ઘાતકી હત્યા કરી લેવામાં આવી હતી. મળેલી માહિતી મુજબ એઆઈટીયુસી યુનિયનના ખજાનચી





નરેન્દ્રસિંહની કેટલાક તોફાની તત્વોએ અંબાલા બસસ્ટેન્ડ નજીક હથિયારોના ઘા ઝીંકી હત્યા કરી દીધી હતી. એઆઈટુયીસીના જનરલ સેક્રેટરી ગુરુદાસ દાસગુપ્તાએ આજે આ મુજબની માહિતી સવારે આપી હતી. આ ઘાતકી હત્યાને કઠોર શબ્દોમાં વખોડી કાઢીને દાસ ગુપ્તાએ કહ્યું હતું કે આ ઘૃણાસ્પદ બનાવ બન્યો હોવા છતાં હડતાળ યથાવત્ રીતે આગળ વધી રહી છે. હડતાળની સીધી અસર થઈ છે. યુપીએ સરકારની લોકવિરોધી નીતિ, જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવવધારા, શ્રમકાયદાઓના અમલીકરણમાં ખામી, પીએસયુમાં ડિસઈન્વેસ્ટમેન્ટ, જુદા જુદા સેક્ટરોમાં એફડીઆઈને વધારવા જેવા મુદ્દાઓને લઈને આની શરૂઆત થઈ હતી. જે યુનિયનો હડતાળમાં જોડાયા છે તેમાં કોંગ્રેસ અને ભાજપ તરફી યુનિયનો પણ સામેલ છે. ભારતીય મજદૂર સંઘ,ઓલઈન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસ, ઓલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસ, હિંદ મજદૂર સભા, સેન્ટ્ર ઓફ ઈન્ડિયન ટ્રેડ યુનિયન, ઓલઈન્ડિયા યુનાઈટેડ ટ્રેડ યુનિયન અને અન્ય સંસ્થાઓ દ્વારા હડતાળ પાડવામાં આવી છે. બેકીંગ, પરિવહન, બંદર, પાવર અને ટેલિકોમ તેમજ પરિવહન જેવા ક્ષેત્રોએ આ હડતાળમાં ભાગ લેવાની જાહેરાત કરી છે. ઓરિસ્સા, બિહાર, કર્ણાટક જેવી કેટલીક રાજ્ય સરકારોએ પણ હડતાળને ટેકો આપ્યો છે. રેલવે અને વિમાની સેવાને અસર થઈ નથી પરંતુ પરિવહન સેવાને અસર થઈ છે. કેરળમાં શિક્ષકો પણ હડતાળ ઉપર દેખાઈ રહ્યા છે. તૃણમૂલ કોંગ્રેસ સરકારે તેના કર્મચારીઓને પરિપત્ર જારી કરીને ઓફિસમાં હાજર રહેવાની સૂચના આપી છે. હડતાળની માઠી અસર જોવા મળી રહી છે. યુનિયનો દ્વારા ૧૦ મુખ્ય માંગ મૂકવામાં આવી છે જેમાં ભાવવધારાને અંકુશમાં મૂકવા, નોકરીની જગ્યાઓએ શ્રમકાયદાને કઠોર રીતે અમલી બનાવવા, અનઓર્ગેનાઈઝ સેક્ટરમાં વર્કરો માટે સોશિયલ સિક્યુરિટી જાળ, પીએસયુમાં ડિસઈન્વેસ્ટમેન્ટનો અંત લાવવા અને લઘુત્તમ વેતન મહિને ૧૦,૦૦૦ રૂપિયા કરવાની માંગનો સમાવેશ થાય છે.

## ઍરપોર્ટ ઉપર ચૅક-ઈન સુવિધા આધુનિક બનશે

મુંબઈ,તા.૨૦

દેશનાં ૨૫ નાના-મોટાં વિમાની મથકો પરથી ચૅક-ઈન દરમિયાન યાત્રીઓને પડતી મુશ્કેલીઓમાંથી ટૂંક સમયમાં જ છૂટકારો મળી શકે એમ છે. આ વિમાની મથકો પર વિશ્વનાં જાણીતાં ઍરપોર્ટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સરકાર વિચારણા કરી રહી છે.

આ વિષયમાં ઍરપોર્ટ ઑથોરિટી ઓફ ઈન્ડિયા (એએઆઈ)એ સીટા સાથે એક કરાર કર્યો છે. આ કરાર અંતર્ગત આંતરરાષ્ટ્રીય ઍજન્સી સીટા ભારતનાં વિમાની મથકો ઉપર કોમનયુઝ પૅસેન્જર પ્રૉસેસિંગ સિસ્ટમ (કપ્સ) લગાવશે. સોસાયટી ઈન્ટરનેશનલ ધ ટેલિકોમ્યુનિકેશન્સ એરોનોટિક્સ (સીટા) આ પ્રકારની પ્રણાલીઓ દેશનાં મુખ્ય ૧૩ વિમાની મથકો પર અગાઉથી લગાવી ચૂકી છે. આ પ્રણાલી લાગ્યા બાદ ઓછામાં ઓછાં સમયમાં યાત્રીઓનાં સામાનનું ચૅક-ઈન કરવામાં આવી રહ્યું છે. સાત વર્ષીય કરાર અંતર્ગત સીટા આ વિમાની મથકો ઉપર મલ્ટીપલ કોમનયુઝ સેલ્ફ સર્વિસ કિયોસ્ક ધરાવતા ૭૦૦ જેટલાં વર્કસ્ટેશન સ્થાપિત કરશે. સીટાના ભારતનાં પ્રમુખ એમ.જયકૃષ્ણાએ જણાવ્યું છે કે, કોલકાતા અને મુંબઈમાં કપ્સ લગાવાઈ ચૂક્યા છે. હવે ચંદીગઢ, જમ્મુ, લેહ, પટણા, રાંચી, ઈન્દોર, ભોપાલ, રાયપુર, રાજકોટ, પૂણે, ઔરંગાબાદ, ભુવનેશ્વર, વડોદરા, બાગડોગરા, તિરૂપતિ, સીલચર અને મદુરાઈમાં આ પ્રણાલીને તબક્કાવાર લગાવવાનો પ્રસ્તાવ છે. આ પ્રસંગે એઆઈએ ચૅરમેન વી.પી.અગ્રવાલે કહ્યું હતું કે, અમે અંતરિયાળ વિસ્તારના વિમાની મથકો પર યાત્રીઓને વધુ સુવિધા મળી રહે તેમજ યાત્રીઓની સંખ્યા વધે તે વિષય પર કામ કરી રહ્યાં છે અને આ બાબત માટે ઍરપોર્ટનાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવો આવશ્યક છે.અમારી યોજના અંતર્ગત દેશના ૩૫માંથી ૩૩ વિમાની મથકોનું આધુનિકરણ કરવામાં આવી ચૂક્યું છે.

## સ્લીપર કોચમાં મહિલા માટે છ બર્થ રીઝર્વ હશે

નવી દિલ્હી, તા.૨૦

રેલવેમાં મુસાફરી કરનાર મહિલાઓ માટે ખુશી અને આનંદના સમાચાર છે. રેલવેમાં મુસાફરી કરનાર મહિલોની યાત્રા આનંદ દાયક અને શાંતિપૂર્ણરીતે પૂર્ણ થાય તે માટે રેલવે દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવનાર છે. દરેક ટ્રેનના સ્લીપર કોચમાં આવેલી છ બર્થ મહિલાઓ માટે અનામત રાખવામાં આવશે. આમાટેના જરૂરી સુચનો અને નિર્દેશો રેલવે બોર્ડ દ્વારા ડિવિજન સ્તરને આપી દેવામાં આવ્યા છે. રેલવે બોર્ડે અધિકારીઓને સૂચના આપી છે કે આ સેવાનો તાકિદે અમલ કરવો. એકલ દોકલ કે જૂથમાં મુસાફરી કરનાર મહિલાઓના જૂથને પ્રાથમિકતાના ધોરણે આ બર્થ આપવામાં આવશે. સ્લીપર, એસી-૨ અને ૩ વિભાગના રિઝર્વેશનમાં દરેક કોચમાં નીચેની બે બર્થ સિનિયર સિટિઝન અને ૪૫ વર્ષ કે તેથી વધુ ઉંમરની મહિલાઓ કે એકલ દોકલ પ્રવાસ કરનાર ગર્ભવતી મહિલાઓમાટે નિશ્ચિત કરાશે. રેલવે વિભાગે વધુમાં જણાવ્યું છે કે સામાન્ય શ્રેણી એટલે કે જનરલ ડબ્બાઓમાં પણ મહિલાઓ માટે બેઠક અનામત રાખવામાંઆવશે.

## વિરપ્પનના સાથીઓની ફાંસી પર સ્ટે લંબાવાયો

નવી દિલ્હી,તા. ૨૦

ચંદરચોર વિરપ્પનના ચાર સાગરિતો ફાંસી હાલમાં નહીં થાય. એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે છ મહિના સુધી વિરપ્પનના ચાર સાગરીતોને મૃત્યુદંડની સજા ઉપર સ્ટેને આજે લંબાવી દીધો હતો. કોર્ટે વિરપ્પનના ચાર સાગરિતોની અરજી પર સુનાવણી છ મહિના સુધી મોકૂફ કરી દીધી હતી. સુપ્રીમ કોર્ટ ચંદરચોર વિરપ્પાના ચાર સાથીઓની ફાંસીને ટાળતા કહ્યું હતું કે આ મામલે અન્ય ખંડપીઠનો ચુકાદો આવ્યા બાદ જ સુપ્રીમ કોર્ટ ચુકાદો જાહેર કરશે.

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અલતામસ કબીરે કહ્યું હતું કે ફાંસી પર માફી સંબંધિત નિર્ણય બીજી ખંડપીઠના ચુકાદા પછી જ સંભળાવવામાં આવશે. જેમાં અંદાજે છ સપ્તાહનો સમય લાગવાની અપેક્ષા રહેલી છે. આ પહેલા શનિવારે સુપ્રીમ કોર્ટે આ શખ્સોની અરજી પર તાકિદે સુનાવણી કરવાનો ઈન્કાર કર્યો હતો. આ શખ્સોએ પોતાની મોતની સજા પરનો અમલ અટકાવવાની માંગ કરી હતી. વિરપ્પાના ચાર સાથીઓએ ૧૯૯૩માં કર્ણાટકના પોલામાં સુરંગ બ્લાસ્ટ કરીને ૨૨ પોલીસ જવાનોને મોતને ઘાત ઉતારી દીધા હતા. આ બનાવમાં અન્ય કેટલાક લોકોના પણ મોત થયા હતા. આ બ્લાસ્ટના મામલામાં ફાંસીની સજા વિરપ્પનના ચાર શખ્સોને ફટકારવામાં આવી હતી. મૃત્યુદંડની સજાનો સામનો કરી રહેલા અપરાધીઓના વકીલોની એવી દલીલ હતી કે આ મોતની સજા પર માફીની અરજી નવ વર્ષસુધી રાષ્ટ્રપતિ સામે પેન્ડીંગ રહેવાના કારણે માનવ અધિકારનો ભંગ થયો છે જેથી સજા જન્મટીપમાં ફેરવી કાઢવી જોઈએ. બીજી બાજુ વિરપ્પનની પત્નીએ પણ ફાંસીની સજાને આજીવન કારાવાસમાં ફેરવી કાઢવાની રજૂઆત કરી હતી.

વર્ષ ૧૯૯૩ના દિલ્હી બ્લાસ્ટના અપરાધી ડેવિન્દસિંહ ભુલ્લરની અરજી ઉપર પણ ચુકાદો આવી શકે છે. આ શખ્સે પણ મૃત્યુદંડની સજાને ઘટાડી દેવાની માંગણી કરી છે. ભુલ્લરના કેસમાં ચુકાદો ગયા વર્ષે માર્ચ બાદથી અનામત છે. વિરપ્પનના ચાર સાગરિતો હાલમાં કર્ણાટકમાં બેલગામ સેન્ટ્રલ જેલમાં છે.

## નાગાલેન્ડમાં પ્રચંડ બ્લાસ્ટ થતાં ૧નું કરુણ મોત થયું

કોહીમા,તા. ૨૦

ચૂંટણીવાળા રાજ્ય નાગાલેન્ડમાં દીમાપૂર રેલવે સ્ટેશનની નજીક આજે પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ થતાં એકનું મોત થયું હતું અને અન્ય કેટલાક લોકો ઘાયલ થયા હતા. નાગાલેન્ડમાં વિધાનસભાની ચૂંટણી આડે ખૂબ ઓછા દિવસો રહ્યા છે ત્યારે આ બ્લાસ્ટને લઈને તંત્ર હચમચી ઉઠ્યું છે. ચૂંટણી પહેલાં જ આ બ્લાસ્ટ થયો છે. મળેલી માહિતી મુજબ સ્ટેશન નજીકથી પસાર થઈ રહેલા બાઈક સવાર પ્રદીપ થાપાનું આ બ્લાસ્ટમાં મોત થયું હતું. સ્ટેશન નજીક માર્ગની બાજુ આ બોમ્બ પ્લાન્ટ કરવામાં આવ્યો હતો જે સવારે આઠ વાગ્યાની આસપાસ ફાટ્યો હતો. પોલીસ આ બનાવ પાછળ ગયેલા શખ્સોને શોધી કાઢવા પ્રયાસ કરી રહી છે. દરમિયાન સમગ્ર વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દેવામાં આવી છે.

## ફરીથી જેલ હવાલે થઈ શકે છે એ.રાજા અને કનિમોઝી

નવીદિલ્હી,તા.૨૦

ટુજી કૌભાંડના આરોપી પૂર્વ દૂરસંચાર મંત્રી એ.રાજા અને તમિળનાડુના પૂર્વ મુખ્યમંત્રી કરૂણાનિધિની દીકરી કનિમોઝી ફરીથી કાયદાના સકંજામાં આવી શકે છે. મનીલોન્ડ્રીંગ રોકતામ કાયદા અંતર્ગત એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ આ બંને વ્યક્તિઓ સહિત નવ આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ ગમે તે સમયે દાખલ કરી શકે છે. ચાર્જશીટ બાદ તમામ આરોપીઓએ નવેસરથી જામીન મેળવવા પડશે અને જામીન ન મળવાની સ્થિતિમાં તેમને જેલમાં જવું પડે એમ છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૧માં સીબીઆઈની ચાર્જશીટ બાદ જામીન નહીં મળવાના કારણે કનિમોઝી સહિતનાં આરોપીઓને જેલમાં જવું પડ્યું હતું. ટુજી કૌભાંડના ખુલાસા બાદ સીબીઆઈની સાથે સાથે ઈડીએ પણ મનીલોન્ડ્રીંગ રોકતામ કાયદા અંતર્ગત કેસ દાખલ કરીને તપાસ શરૂ કરી હતી. સીબીઆઈની ચાર્જશીટને આધાર બનાવતાં ઈડીએ કનિમોઝીના કલૈગ્નર ટીવીને લાંચમાં અપાયેલ ૨૦૦ કરોડની રકમ સહિતની અન્ય કમાણીની રકમ ૩૧ કરોડને પણ જપ્ત કરી લીધી હતી. ઈડી હવે આરોપીઓ વિરુદ્ધ પટિયાલાહાઉસ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવા જઈ રહી છે. મનીલોન્ડ્રીંગ રોકતામ કાયદા અંતર્ગત આરોપ સાબિત થતાં આરોપીઓને સાત વર્ષની સજા થઈ શકે છે. આ સજા ભ્રષ્ટાચાર વિરોધી કાયદા અન્વયે થનાર સજા કરતાં અલગ હશે. સીબીઆઈએ આરોપીઓ વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિરોધક કાયદા મુજબ આરોપપત્ર દાખલ કર્યુંછે અને હાલમાં અદાલતમાં સુનાવણી ચાલી રહી છે. સીબીઆઈ અને ઈડીના જણાવ્યા મુજબ ટુજી કાંડમાં ડીબી રિયાલિટીના માલિક શાહિદ બલવાએ કલૈગ્નર ટીવીને ૨૦૦ કરોડની લાંચ આપી હતી અને આ રકમ કરીમ મૌરાનીની કંપની સિનેયુગ દ્વારા પહોંચાડવામાં આવી હતી. આ મામલામાં સીબીઆઈએ શાહિદ બલવા, કરીમ મૌરાની, એ.રાજા, કનિમોઝી સહિત નવ લોકોને આરોપી બનાવ્યાં છે. હવે ઈડી પણ આ નવ લોકોને આરોપી બનાવવા જઈ રહી છે.

## સમાચાર ઝલક

- ટ્રેડ યુનિયનોની દેશવ્યાપી હડતાળને મહદઅંશે સફળતા.
- કિંગ ફીશરના કર્મચારીઓને પગાર ચુકવાયો.
- દેશમાં આવનાર દરેક ત્રીજો પર્યટક રાજસ્થાન જાય છે.
- જાણીતા ઉદ્યોગપતિ અને રાજયસભાના સભ્યશ્રી અમરસિંહની તબિયત નાજુક, દુબઇમાં સારવાર હેઠળ.
- માતાની ભૂમિકા ભજવવા માટે હેમામાલિનીએ એક કરોડ માગ્યા.
- તામિલનાડુ સરકાર હવે એક રૂપિયામાં ઇડલી ખવડાવશે.
- નોઇડામાં હડતાલ દરમિયાન આગ હિંસાના બનાવો બન્યા, ઘણી જગ્યાએ પરીક્ષાઓ રદ થઇ.
- ચાંદખેડામાં અપહરણનો બનાવ બન્યો.
- બેલ્જિયમનાં બ્રસેલ્સમાં કરોડોનાં હીરાની દિલધડક લૂંટ.
- અફઝલ ગુરૂના નામે બનેલ ફેસબુક બંધ કરાશે.
- ચીનમાં ભૂકંપનાં આંચકા.
- આજથી હડતાળથી ૨૦ હજાર કરોડ રૂપિયાનું નુકશાનનો અંદાજ.
- વીરપ્પનના સાથીદારોને ૬ સુધી ફાંસીની સજા પાછી ઠેલાઇ.
- મહારાષ્ટ્રના ઉસ્માનાબાદમાં અકસ્માતથી ૧૪નાં મોત.
- કાર-બાઇકનો વીમો મોંઘો થશે.
- પોરબંદરના ૫૦ માછીમારોનું બોટ સાથે પાકિસ્તાને અપહરણ કર્યું.
- પ્રાંતિજમાં દેના બેંકના મેનેજર લાંચના સંકજામાં સપડાયા, ખાનગી બેંકો ચાલુ રહેતાં ઘણી રાહત દેખાઇ.

## હળવાશની ક્ષણોમાં (પાના નં. ૪ નું ચાલુ)

ગુજરાતીના પાઠ્યપુસ્તકમાં આપેલી કૃતિનું વિષયવસ્તુ અગત્યનું નથી. પણ તેનો આધાર લઈને બાળકોમાં પેલા ચાર કૌશલ્યો વિકસાવનાનાં છે. ટૂંકમાં, શિક્ષકે વર્ગખંડમાં એવી તકો વારંવાર ઊભી કરવાની છે કે, જેમાં બાળકને ભાગે સાંભળવાનું, બોલવાનું, વાંચવાનું અને લખવાનું થાય. મારી દૃષ્ટિએ એ શિક્ષક સારો છે કે, જે વર્ગખંડમાં ઓછામાં ઓછું બોલે અને વિદ્યાર્થીઓને વધારેમાં વધારે બોલવાની તક આપે. કાશ... આજનાં વર્ગખંડોમાં આવું થતું હોય તો...?

આ લેખ દ્વારા શિક્ષકોનું ધ્યાન દોરવા બદલ ડૉ. અશોક પટેલને અભિનંદન.

હવે વિશ્વ માતૃભાષાદિન નિમિત્તેના આજના આ લેખનાં અંતે એક **Good News!**

વિશ્વ માતૃભાષા દિન પછી ચાર જ દિવસ બાદ તા.૨૫મી ફેબ્રુઆરીથી સ્ટાર પ્લસ ચેનલ પર એક સરસ હિન્દી સિરીયલ શરૂ થઇ રહી છે જેનાં માટે 'આપણે બધાં' ('આપણાં બધાં' લખીએ કે વાંચીએ ત્યારે 'અમે બધાં' નામનાં તેમના પ્રસિધ્ધ હાસ્યપુસ્તક પરથી આપણા સમર્થ સાહિત્યકાર હાસ્યલેકક શ્રી જયોતિન્દ્ર દવેની યાદ આવી જાય! ચાલો, આ રીતે પણ આજનાં દિવસે તેમને યાદ કરી લઇએ!)

ગૌરવ લઇ શકીશું કારણ કે એ સિરીયલ ગુજરાતના મહા વિદ્વાન લેખક સ્વ. ગોવર્ધનરામ ત્રિપાઠીની બહુ જ લોકપ્રિય નૉવેલ 'સરસ્વતી ચંદ્ર' પરથી તૈયાર થઇ છે. સિરીયલનું નામ પણ 'સરસ્વતી ચંદ્ર' જ છે.

તો ચાલો તૈયાર રહીએ એ મહાનોવેલનાં નાયક - નાયિકા સરસ્વતી ચંદ્ર અને કુસુમ સુંદરીને ટી.વી.ના પડદે મળવાં!

## સખીને પત્ર (પાના નં. ૪ નું ચાલુ)

તમે જયારે કોયડો ઉકેલો છો ત્યારે તેમાં સિધ્ધિનો એક ભાગ હોય છે. એટલે જ આપણી મહાન કથાઓમાં કોયડો કે ભેદ કેન્દ્ર સ્થાને હોય છે. વાર્તાના અંત સાથે એક રહસ્ય સ્ફોટ થાય અને એક વિસ્તૃત સ્પષ્ટ ચિત્ર આપણી સમક્ષ આવે. 'યુરેકા' એક ગ્રીક શબ્દ છે જે કશુંક શોધી કાઢવાના આનંદરૂપે બોલાય છે. એવું કહેવાય છે કે પાણીમાં સ્નાન કરતી વખતે આર્કિમીડીઝને પહેલીવાર સમજાયું કે પાણીમાં ડૂબેલી વસ્તુ કેટલાં વોલ્યુમથી પાણી વિસ્થાપિત કરે છે તેને આધારે તે અનિયમિત આકારની વસ્તુનું વોલ્યુમ (કદ - જે તે જગ્યા રોકે છે તે) નિર્ધારિત થઇ શકે છે. આ બાબત સમજાતાં જ આર્કિમિટીઝ નગ્ન હાલતમાં શેરીઓમાં દોડ્યો હતો. અને 'યુરેકા' બોલ્યો હતો.

ન્યૂટનના માથા પર પડેલું સફરજન, કે કાલીદાસની કવિતા, ગૌતમ બુધ્ધનું બોધિજ્ઞાન હોય કે અશોકનું હૃદય પરિવર્તન, ઇતિહાસ એવી ક્ષણોથી ભરેલો છે, જયારે માણસે એક કોયડાની ઉકેલીને માનવ જાત વતી પ્રગતિનું એક વિશાળ કદમ ભર્યું હોય જેનાં કારણે આજેય આપણે યુરેકાનંદમાં ડૂબકાં લગાવતાં હોઇએ. આપણને કોયડાં - રહસ્ય ગમે છે. કારણ કે તેનાં રહસ્ય ભેદનાં સાક્ષી માત્ર બનવામાં પણ મહાનતા અને દિવ્યતાનો અનુભવ થાય છે. આ કોયડાઓમાં ખોટા પડવાનો પણ આગવો અનુભવ હોય કારણ કે સત્યનો અહેસાસ પણ તેનાથી જ થાય છે.

મહારાષ્ટ્રમાં લગ્ન પછી વર-વધૂને એક રમત રમાડવામાં આવે છે. જેમાં પોતાનું નામ કોયડામાં કહેવાનું હોય છે. આપણે ત્યાં પણ આવી ઘણી રમતો રમાડાય છે. જેનાં આધારે ભાવિ દાંમ્પત્ય જીવનના અનુમાનો બંધાય છે. લગ્ન પણ એક કોયડો અને જુગાર જ છે ને? કોઇના પાસા પોબાર પડે છે ને ઘણાંને નવાં - નવાં રહસ્યોદ્‌ઘાટનનો લાભ મળે છે, ઘણાં સત્યો લાધે છે. જીવનમાં ડગલને પગલે કોયડા જ કોયડા. શબ્દવ્યૂહથી અભિમન્યુના ચક્રવ્યૂહ સુધી જીવન ઉખાણાંથી ભરેલું છે. કોઇમાં નર્યો આનંદ ને કયાંક જીવન મરણનો સવાલ! જીવનને કોયડો ગણી ઉકેલવાનું ન ફાવે તો કશો વાંધો નહિ હું કોણ છું? એવો યક્ષપશ્ન ન થાય તો ય કશું ખાટુ મોળું નથી થવાનું. બધાં કોયડા ઉકેલાઇ જ જાય તે જરૂરી નથી. સહેલાઇથી ઉકેલાય તેને કોયડો ન કહેવાય. કોયડો ઉકેલતાં ન આવડે તો કહી દેવાનું 'તુમ એક ગોરખધંદા હો!'

અરે! જતાં જતાં પહેલાં પૂછેલા ઉખાણાનો જવાબ આ રહ્યો... બધી જ ચકલીઓને એક સર (માથુ,) પર (પાંખો) અને પૈર (પગ) હોય જ છે.

- તારી સ્વાતિ